પીપીઆઈના ઉપયોગના નિયમો અને શરતોઃ (પીપીઆઈમાં સામેલ છે ઈટ્ઝ કેશ કાર્ડ લિમિટેડ દ્વારા ભૌતિક અને વર્ચ્યુઅલ સ્વરૂપમાં જારી કરાયેલા સેમી ક્લોઝ્ડ ઈન્સ્ટ્રુમેન્ટ્સના તમામ વેરિયાન્ટ્સ)

1. આ પ્રિપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ (પીપીઆઈ)નું સંચાલન પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007 અને તેના હેઠળ બનાવાયેલા નિયમનો, ઈન્શ્યોરન્સ એન્ડ ઓપરેશન ઓફ પ્રિપેઈડ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ ઈન ઈન્ડિયા (રિઝર્વ બેંક) ડાયરેક્શન્સ, 2009 ("આરબીઆઈ માર્ગદર્શિકાઓ") હેઠળ કરવામાં આવે છે અને તે સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રિડમ્પશન, પુનઃચૂકવણી, ઉપયોગ વેગેરે સંબંધે સમયાંતરે જારી કરાતા નિર્દેશો / સૂચનાઓને આધિન છે અને ઈટ્ઝ કેશ કાર્ડ લિમિટેડ (ઈટ્ઝકેશ) આવા સંજોગોમાં પીપીઆઈ ધારક પરત્વે કોઈ જવાબદારી ધરાવતું નથી.

2. પીપીઆઈનો 18 વર્ષથી વધુ વયની વ્યક્તિ દ્વારા ઉપયોગ કરાવો જોઈએ.

3. વપરાશના બિલ તથા અવશ્યક સેવાઓની ચૂકવણી કરવા માટે પીપીઆઈનો ઉપયોગ કરાઈ શકે છે. બિન-વપરાશના બિલ્સ તથા બિન-આવશ્યક સેવાઓના સંજોગોમાં, પીપીઆઈનો ઉપયોગ આરબીઆઈ દ્વારા સમયાંતરે નિર્ધારિત કરાતી કેવાયસી જરૂરિયાતોનું અનુસરણ કરવાને આધિન રહીને કરી શકાશે. વપરાશના બિલો તથા આવશ્યક સેવાઓની ચૂકવણી માટે પ્રિપેઈડ કાર્ડનું મહત્તમ મૂલ્ય રૂા. 20,000 અને અન્ય તમામ વધારાની સેવાઓ માટે રૂા. 1,00,000 રહેશે અને જરૂરી કેવાયસી દસ્તાવેજો સુપરત કર્યા બાદ તમામ વધારાની સેવાઓને લાગુ કરવામાં આવશે.

4. ઈટ્ઝકેશ દ્વારા વ્યાપાર હેતુસર આપના દ્વારા સુપરત કરાયેલા કેવાયસીનો ઉપયોગ કરાઈ શકે છે. આ સાથે તમે સંમતિ આપો છો (i) ઈ-ન્યૂઝલેટર્સ તથા ઓફર્સ વગેરે ધરાવતા અન્ય સંદેશાવ્યવહારની પ્રાપ્તિ માટે અને (ii) તમને ઓફર્સ અને/અથવા માહિતી પૂરી પાડવાના હેતુસર ઈટ્ઝકેશ દ્વારા તમારી માહિતી સ્પોન્સર/ર્સને પૂરી પડાઈ શકે છે.

5. તમે આ સાથે તેની વેબસાઈટ પર વેપારીઓ દ્વારા ઉલ્લેખ કરાયા મુજબની પ્રોડક્ટ્સ /સેવાઓ માટે નિર્ધારિત વેપારીઓ સાથેના તમામ વ્યવહારો માટે પીપીઆઈનો ઉપયોગ કરવા સંમત થાવ છો અને એ બાબતે પણ સંમત થાવ છો કે કોઈ પણ ગેરકાયદેસર પ્રોડક્ટ્સ/સેવાઓ માટે તેનો ઉપયોગ નહીં કરો. તમે પીપીઆઈનો ઉપયોગ કરીને હાથ ધરાતી કોઈ પણ ગેરકાયદે/ગુનાઈત/ નાણાંની હેરફેર/ ત્રાસવાદી પ્રવૃત્તિઓમાં જોડાશો નહીં કે તેનો હિસ્સો નહીં બનો.

6. પીપીઆઈના દુરુપયોગ કે કોઈ પણ છેતરપિંડી માટે ઈટ્ઝકેશ જવાબદાર રહેશે નહીં અને તમે પીપીઆઈના દુરુપયોગ અથવા આવી કોઈ પણ છેતરપિંડીને કારણે ઉદ્ભવતા કોઈ પણ પ્રકારના અને તમામ ખર્ચ, કર, વેરા, દાવા અથવા જવાબદારીઓ માટે અંગત રીતે જવાબદાર રહેવા તમે સંમત થાવ છો.

7. તમે આ સાથે ઘોષણા કરો છો કે આરબીઆઈ દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરાયેલા ત્રાસવાદી સંગઠનો (અલકાયદા અથવા તાલિબાન) / ત્રાસવાદીઓની એકીકૃત યાદીમાં તમારું નામ કોઈ પણ સમયે સામેલ થયેલું નથી.

8. પીપીઆઈનો ઉપયોગ કરીને મેળવાયેલી / ખરીદ કરાયેલી પ્રોડક્ટ/ મર્ચેન્ડાઈઝ / માલ-સામાન અથવા સેવામાં કોઈ પણ ખામી માટે ઈટ્ઝકેશને જવાબદાર/ દોષી ઠેરવી શકાશે નહીં. પીપીઆઈનો ઉપયોગ કરતા વેપારીની વેબસાઈટ પરની પ્રોડક્ટ/

મર્ચેન્ડાઈઝ / માલ-સામાન અથવા સેવાને લગતા કોઈ પણ દાવા કે તકરારનો નિર્ધારિત વેપારી સાથે નિવેડો લાવવાનો રહેશે. આ સંજોગોમાં પીપીઆઈ ધારક પરત્વે ઈટ્ઝકેશ કોઈ જવાબદારી ધરાવશે નહીં.

9. ઈટ્ઝકેશ નિર્ધારિત વેપારી સમક્ષ પીપીઆઈના ઉપયોગ માટે તમારી પર પેમેન્ટ ગેટવે સર્વિસ ફી લાગુ કરી શકે છે. આ કહેવાતી ફીને વ્યવહારના સમયે પેમેન્ટ ગેટવે પેજ પર દર્શાવાશે અથવા સમયાંતરે લાગુ પડે તે રીતે વેબસાઈટ પર તેની યાદી રજૂ કરાશે.

10. પીપીઆઈ પર કોઈ રિડમ્પશન અથવા રોકડ ઉપાડની અનુમતિ નથી, સિવાય કે આરબીઆઈ દ્વારા કોઈ નિર્દેશ કરાયેલ હોય, જો હોય તો.

11. આ પીપીઆઈ એક્ટિવેશનની તારીખ અથવા પ્રથમવાર ઉપયોગની તારીખમાંથી જે પણ મોડું હોય ત્યારથી 4 વર્ષ સુધી માન્ય રહેશે. એક્સપાયરી ડેટ પછી પીપીઆઈ પર રહેતી કોઈ પણ વણવપરાયેલી શેષને આરબીઆઈ માર્ગદર્શિકા અનુસાર રદબાતલ ઠેરવી દેવામાં આવશે.

12. આ પીપીઆઈમાંની સંપત્તિ ઈટ્ઝકેશની માલિકીની છે. જો તે મળે તો કૃપા કરીને તેને : ઈટ્ઝ કેશ કાર્ડ લિમિટેડ, ટોચનો 14મો માળ, ટાઈમ્સ ટાવર, કમાલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ- 400013 પર પરત કરવું.

13. પીપીઆઈ ખોવાઈ જાય કે ક્યાંક આડેઅવળે મૂકાઈ જાય, તો તમે આ અંગે સીધેસીધે ઈટ્ઝકેશને લેખિતમાં (પત્ર/ ઈમેઈલથી) જાણ કરી શકો છો. પીપીઆઈને ત્યારબાદ બ્લોક કરી દેવાશે અને ઈટ્ઝકેશ તમને આ સંબંધે નિર્ધારિત પ્રક્રિયા અનુસાર નવું પીપીઆઈ જારી કરી શકે છે જેમાં સામાન્ય ચાર્જ માટેની શેષ રકમને ઈટ્ઝકેશ દ્વારા સમયાંતરે ઉલ્લેખ કરાયા મુજબ વસૂલાશે.

14. પીપીઆઈનું કોઈ પણ ડુપ્લિકેશન રદબાતલ થવાને પાત્ર રહેશે.

15. પીપીઆઈનો વિદેશી ચલણમાં કોઈ પણ વ્યવહાર માટે ઉપયોગ કરાશે નહીં. પીપીઆઈનો ફક્ત ભારતીય કાયદા હેઠળ સંચાલિત વેપારીઓ સમક્ષ ઓનલાઈન / મોબાઈલ પર/ આઈવીઆરએસ વ્યવહારો માટે જ ઉપયોગ કરાઈ શકે છે.

16. પીપીઆઈનો કોઈ વ્યવહાર માટે એકવાર ઉપયોગ કરાય તે પછી તેને પરત રિવર્ટ કરી શકાશે નહીં.

17. પીપીઆઈ તબદિલીને પાત્ર નથી.

18. ઈટ્ઝકેશ નિર્ધારિત વેપારીઓના આઈવીઆરએસ/ વેબસાઈટ/ મોબાઈલ એપ્લિકેશન પર પીપીઆઈના ઉપયોગને કોઈ પણ કારણસર નકારવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

19. પીપીઆઈ જારી કરવા માટે પૂરા પડાયેલા તમારા નામ, પત્રવ્યવહારના સરનામા, ઈ-મેઈલ એડ્રેસ અથવા અન્ય કોઈ પણ જરૂરી ડેટામાં કોઈ પણ ફેરફાર થાય તો તમારે તેની ઈટ્ઝકેશને જાણ કરવી અને આવા કોઈ પણ ફેરફાર સંબંધે ઈટ્ઝકેશ દ્વારા માગણી કરાય તે મુજબ નવેસરથી કેવાયસી દસ્તાવેજો રજૂ કરવા.

20. કોઈ પણ તકરારનો નિવેડો લાવવા માટે, ઈટ્ઝકેશ દ્વારા “ગ્રાહક તકરાર નિવારણ નીતિ” નિર્ધારિત કરવામાં આવી છે જે આ પીપીઆઈના ઉપયોગને લગતા કોઈ પણ વ્યવહારથી ઊભી થનારી તમામ તકરારો માટેની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. કોઈ પણ વધુ દાવો થશે તો તેનું સંચાલન મુંબઈની અદાલતના અબાધિત અધિકારક્ષેત્રને આધિન રહેશે.

21. પીપીઆઈનો ઉપયોગ કરીને કરાતા તમામ વ્યવહારો લાગુ પડતા ભારતીય કાયદાઓને આધિન રહેશે.

22. ઈટ્ઝકેશ ગ્રાહકને કોઈ પણ આગોતરી નોટિસ/જાણ કર્યા વિના આ નિયમો અને શરતોમાં સુધારા, ફેરફાર, રદ, ઉમેરો અને સમીક્ષા કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.